Introduction



## પ્રાસ્તાવિક

મારા આ મહાનિબંધમાં મેં પ્રકૃતિ-નિરૂપણના અભ્યાસ માટે રાસયુગ નો ગાળો સ્વીકાર્યો છે, પરંતુ એ પહેલાં રાસયુગની સમયમર્યાદા વિશે અહીં થોડી ચોખવટ કરી લેવી ઘટે છે. આચાર્ય હેમચંદ્રના દેહવિલય પછી રાસ વ્યાપક સ્વરૂપે લખાવાની શરૂઆત થઇ છે એ શાલિભદ્રસૂરિકૃત સં ૧૨૪૧ની કૃતિ 'ભરતેશ્વર-બાહુબલિરાસ'પરથી સ્પષ્ટ થાય છે. આ છે રાસયુગની મહત્ત્વની કૃતિ-એ પહેલાં પણ જિનદત્તસૂરિકૃત'ઉપદેશરસાયનરાસ'મળી આવે છે. પરંતુ શ્રી કે.કા.શાસ્ત્રી-ના મતાનુસાર "રાસયુગમાં જે જાતના "રાસ" જોઇએ છિયે, તે જાતનો રાસ ખાસ નથી. પદ્ધડી છંદનો ઉપદેશાત્મક એક પદ્યપ્રબંધ છે." ૦વળી, આ રાસ લખવાની પ્રવૃત્તિ તો નરસિંહ મહેતા પછી પણ ચાલુ જ રહી છે, પણ એ જૈનેતરોએ વિકસાવેલ આખ્યાન અને પદ્યવાર્તાનાં સાહિત્યસ્વરૂપોની સમાન્તર પ્રવૃત્તિ રહી છે. એટલે શ્રી અનંતરાય રાવળ કહે છે તેમ "૧૨મા શતકના અંતભાગથી રાસનો વિકાસ આરંભાઇ નરસિંહ સુધીમાં એ પૂરો ખીલ્યો." ૦૦ આથી જ મધ્યકાલીન સાહિત્ય-ના અભ્યાસી શ્રી કે.કા. શાસ્ત્રી હેમચંદ્રથી નરસિંહ સુધીના આ સમયગાળાને 'રાસયુગ' @ ના નામથી ઓળખાવે છે. આમ રાસયુગનો સમય આચાર્ય હેમચંદ્રના દેહાંત પછીથી તે નરસિંહ મહેતાની કાવ્યપ્રવૃત્તિના આરંભ સુધી એટલે કે લગભગ સંવત ૧૫૦૦ સુધી વિસ્તારી શકાય છે. આથી ઉપર્યુક્ત ગાળા દરમિયાનની કૃતિઓ તપાસવાનો મારો અહીં આમ પ્રયત્ન છે.

પરંતુ સાહિત્યમાં યુગની સમયમર્યાદાઓ આમ અમુક ચોક્કસ વર્ષે અટકાવી દેવી એ ઉચિત ન લેખાય, કારણ કે કોઇ પણ નવોયુગ

---

૦ આપણા કવિઓ - પૃ. ૧૪૩
૦૦ ગુજરાતી સાહિત્ય-ભાગ પહેલો, પૃ. ૩૯
@ આપણા કવિઓ - પૃ. ૧૪૩

List of Bibliography

## સંદર્ભસૂચિ

### હસ્તલિખિત

| | કૃતિ | કર્તા | ર.સં. |
|---|---|---|---|
| ૧. | જંબૂસ્વામી રાસ | મહેન્દ્રસૂરિ શિષ્ય ધર્મ | ૧૨૬૬ |
| ૨. | વિમલમંત્રિ રાસ | નરપદ | ૧૪૧૭ (30 ?) |
| ૩. | અજિતશાંતિ સ્તવન | મેરુનન્દન | ૧૪૩૨ |
| ૪. | શાલિભદ્ર રાસ | સાધુહંસ | ૧૪૫૫ |
| ૫. | શાલિભદ્ર ચઉપઇ | સાધુહંસ | ૧૪૫૫ |
| ૬. | ચિહુંગતિ રાસ | વસ્તિગ | ૧૪૬૨ |
| ૭. | સુદરિસણ ચઉપઇ | વસ્તિગ | .... |
| ૮. | સ્થૂલિભદ્રકોશા બારમાસ | હીરાનંદ | .... |
| ૯. | દશાર્ણભદ્ર રાસ | હીરાનંદ | ૧૪૮૫ |
| ૧૦. | નલરાજાગીત | હીરાનંદ | .... |
| ૧૧. | કલિકાળ | હીરાનંદ | .... |
| ૧૨. | શત્રુંજયભાસ | હીરાનંદ | .... |
| ૧૩. | રંગસાર નેમિજિનફાગ | સોમસુંદર | ૧૪૮૫ |
| ૧૪. | અજિતશાંતિ નમસ્કાર | વજ્રસેનસૂરિશિષ્ય પરમાનંદસૂરિ | .... |
| ૧૫. | સ્થૂલિભદ્રફાગ | હલરાજ | ૧૪૯૦ |
| ૧૬. | રાણકપુરસ્તવન | મેધા | .... |
| ૧૭. | આર્દ્રકુમાર-વિવાહલું | દેપાલ | .... |
| ૧૮. | તીર્થમાળાસ્તવન | મેધા | .... |
| ૧૯. | ગૌતમસ્વામી ભાસ | દેપાલ | .... |
| ૨૦. | જંબૂસ્વામી ચઉપઇ | દેપાલ | .... |
| ૨૧. | થૂલભદ્ર કાક | દેપાલ | .... |
| ૨૨. | રાજુલગીત | દેપાલ | .... |

સર્જકોને અન્યાય થવાની ભીતિ ન રહે.

આમ છતાંય એ મર્યાદા વચ્ચે પણ રાસયુગના કવિઓએ પ્રકૃતિનો વિવિધ રીતે ઉપયોગ કર્યો છે એ મેં મારા આ મહાનિબંધમાં તારવી બતાવ્યું છે.

સાહિત્યમાં પ્રકૃતિનો મુખ્યત્વે બે રીતે ઉપયોગ થાય છે: સાપેક્ષ અને નિરપેક્ષ. સાપેક્ષરીતીના ઉપયોગમાં સર્જક પ્રકૃતિને સાધ્ય નહીં પણ સાધન બનાવે છે. એ પ્રકૃતિના નિરૂપણ દ્વારા નાયક-નાયિકાના મનોભાવોને સૂચવે છે અને ઉદ્દીપ્ત પણ કરે છે. વળી કથાનુકૂલ વાતાવરણ જમાવવા પ્રકૃતિનો પશ્ચાદ્ભૂ તરીકે પણ ઉપયોગ કરે છે. તો ક્યારેક ક્યારેક શ્રોતૃગણને ઉપદેશામૃતનું પાન કરાવવામાં પણ સર્જક પ્રાકૃતિક ઘટનાઓ અને હકીકતોને ઉપયોગમાં લે છે. આ રીતે પ્રકૃતિને સાધન બનાવી સર્જક મોઇ અન્ય સાધ્ય હાંસલ કરવા માગતો હોય છે. જ્યારે કેટલાક સર્જકો પ્રકૃતિને પ્રકૃતિ તરીકે જ નિરૂપે છે. અહીં પ્રકૃતિ જ સાધ્ય બની રહે છે. આ દૃષ્ટિએ થયેલો પ્રકૃતિનો ઉપયોગ નિરપેક્ષ-રીતિનો છે.

આ ઉભયરીતિઓમાં સર્જક પ્રકૃતિનો બે પ્રકારે ઉપયોગ કરે છે: નિર્દેશ અને નિરૂપણ. નિર્દેશમાં એ માત્ર પ્રાકૃતિક તત્ત્વોની ટીપ આપીને કે માત્ર ઉલ્લેખ કરીને જ અટકી જાય છે. જ્યારે નિરૂપણમાં એ સ્વાભાવોક્તિ અને વક્રોક્તિનો આશ્રય લે છે. વક્રોક્તિ દ્વારા તે પ્રકૃતિનો આલંકારિક ઉપયોગ કરે છે. વળી, આ સ્વાભાવોક્તિ અને વક્રોક્તિ બન્ને દ્વારા એ પ્રકૃતિનું રૂઢ અને વૈચિત્ર્યપૂર્ણ નિરૂપણ કરે છે. વૈચિત્ર્યપૂર્ણ નિરૂપણમાં આપણે સર્જકની મૌલિક પ્રતિભાનો પરિચય પામી શકીએ છીએ.

આ દૃષ્ટિને લક્ષ્યમાં રાખીને મેં રાસયુગીન સર્જકોની કૃતિઓને અહીં તપાસી છે.